ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date : 19th August, 2020

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................................,

ભાવનગર.

**વિશ્વ ફોટોગ્રાફી દિવસ અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા**
**<u>દુનિયા તમારી નજરે શીર્ષક હેઠળ</u> ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ફોટોગ્રાફી એટલે શોખ સાથે કળાનો સમન્વય. ૧૯ ઓગસ્ટ ને સમગ્ર વિશ્વમાં વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ફોટોગ્રાફીની રીતની શરૂઆત ૧૮૩૭ માં ફ્રાંસમાં થઇ હતી. 19 મી સદીની શરૂઆતથી, ફોટોગ્રાફી એ વિશ્વભરના અસંખ્ય લોકો માટે વ્યક્તિગત અભિવ્યક્તિ અને પ્રશંસાનું સતત વધતું માધ્યમ બની ગયું છે. ફોટોગ્રાફમાં સ્થાન કબજે કરવાની ક્ષમતા હોય છે; એક અનુભવ; એક વિચાર; સમય માં એક ક્ષણ. આ કારણોસર, એવું કહેવામાં આવે છે કે એક ચિત્ર હજાર શબ્દોનું મૂલ્ય છે. ફોટોગ્રાફ્સ લાગણીઓને વધુ ઝડપથી પ્રદાન કરી શકે છે, અને કેટલીકવાર શબ્દો કરતા પણ વધુ અસરકારક હોય છે. ફોટોગ્રાફ્સ સમય પસાર કરતાં પણ આગળ વધે છે - સો વર્ષો પહેલાનો ફોટો હજી પણ એટલો જ પ્રશંસા કરી શકાય છે. ફોટોગ્રાફીની કળા થકી કોઈપણ ક્ષણને ભવિષ્ય માટે જીવંત રાખી શકાય છે.

કોરોના સમયમાં ઘરની બહાર ન નીકળતા ઘરે બેસીને અથવા તમારી આસપાસ જોવા મળતી દુનિયામાં પણ કૈક નવીનતા સભર ક્ષણોને પોતાની આગવી કળા દ્વારા લોકોના વિચારો વિકસી શકે તેવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિશ્વ ફોટોગ્રાફી દિવસની ઉજવણીના ભાગ રૂપે વિવિધ ૪ વિષયો 1. Animal Emotions 2. Nature with Science 3. Night photography 4.STEM (Science, Technology, Engineering, Mathematics) પર ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેનાર વ્યક્તિ એ ઓછામાં ઓછા એક વિષય પર એક ફોટોગ્રાફ મોકલવો જરૂરી છે. તથા વિષયને અનુરૂપ સર્જનાત્મકતા દર્શાવતા એક વિષય પર એક એમ વધુમાં વધુ ૪ ફોટોગ્રાફ્સ મોકલી શકે છે.

આ સ્પર્ધામાં રસ ધરાવતા લોકો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની વેબસાઈટ www.krcscbhavnagar.org/upcoming Event પર તા.૦૫-૦૯-૨૦૨૦ સાંજે ૫ વાગ્યા સુધીમાં પોતાના ફોટોગ્રાફસ **વેબસાઈટમાં આપેલ નિયમોને અનુરૂપ** મોકલવાના રહેશે. સ્પર્ધામાં ભાગ લેવાં માટે કોઈ પણ પ્રકારની ફી રાખેલ નથી, ભાગ લેનાર તમામને ઈ-પ્રમાણપત્ર આપવામાં આવશે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

**નોંધ : આપનો મોકલાવેલ ફોટો અગાઉ ક્યાંય છપાયેલો/સોશિયલ મીડિયા પર કે ઈન્ટરનેટ પર ન હોવો જોઈએ, ગેરરીતી કરનારને ડીસ્ક્વોલીફાય જાહેર કરવામાં આવશે.**

હર્ષદ ૧૯/૦૮/૨૦૨૦
(હર્ષદ જોષી) GPM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.